રાજ્યમાં કોરોનાના કેસ ૭૫ હજારને પાર

રાજ્યમાં કોરોના પોઝિટિવના ૧૦૯૨ નવા કેસ : ૧૮ મોત : ગુજરાતમાં કુલ મૃત્યુઆંક ૨૭૩૩ : ૧૦૪૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા : ડિસ્ચાર્જનો કુલ આંક ૫૮૦૦૦ને પાર

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં ૨૪ કલાકમાં ૫૦૮૧૭ ટેસ્ટ કરવામાં આવતા કોરોનાના ૧૦૯૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતોનો આંકડો ૭૫ હજારને પાર થઇ ૭૫૪૮૨ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૮ મોત કોરોનાને લીધે થયા તતાં કુલ મૃત્યુઆંક ૨૭૩૩ થયો છે. રાજ્યમાં આજે ૧૦૪૬ દર્દી ડિસ્ચાર્જ થયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૫૮ હજારને પાર થઇ ૫૮૪૩૬ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ કુલ ૧૪૩૧૦ એક્ટિવ કેસ છે.

જેમાં વેન્ટીલેટર પર ૭૯ અને સ્ટેબલ ૧૪૨૩૧ છે. રાજ્યમાં દિન પ્રતિદિન ટેસ્ટની સંખ્યામાં વધારો કરવામાં આવી રહ્યો છે. સમગ્ર રાજ્યમાં ખાનગી અને સરકારી મળી કુલ ૬૧ લેબોરેટરી કાર્યરત છે. અત્યારસુધીમાં ૧૧૫૯૮૨૨ ટેસ્ટ કુલ કરવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે રાજ્યમાં કોવિડ-૧૯માં લીધે થયેલી ૧૮ મોતમાં અમદાવાદ કોર્પોરેશન-૪, સુરત કોર્પોરેશન-૪ અને જિલ્લામાં-૧, રાજકોટ કોર્પોરેશન-૩, ભાવનગર કોર્પોરેશન, ગાંધીનગર કોર્પોરેશન, ગીરસોમનાથ, જામનગર, કચ્છ અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧ના મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૩ અને જિલ્લામાં ૨૩ સાથે ૧૬૬ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ સંક્રમિતોનો આંકડો ૨૮૫૧૭ થયો છે. આજે વધુ ૪ મોત સાથે કુલ મૃતાંક ૧૬૪૮ થયો છે. સુરત શહેરમાં ૧૮૧ અને જિલ્લામાં ૭૦ સાથે ૨૫૧ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતોનો આંકડો ૧૬૦૦૦ને પાર થઇ ૧૬૨૧૪ થયો છે. આજે વધુ પાંચ લોકોના મોત કોરોનાને લીધે થતા કુલ મૃત્યુઆંક ૫૨૯ થયો છે. વડોદરા શહેરમાં ૮૭ અને જિલ્લામાં ૨૨ સાથે ૧૦૯ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૬૦૦૦ને પાર થઇ ૬૦૫૮ થયો છે જ્યારે વધુ એક મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૦૫ થયો છે. રાજકોટ શહેરમાં ૬૩ અને જિલ્લામાં ૩૨ સાથે ૯૫ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૯૭૯ થયો છે.

આજે વધુ ત્રણ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૫૮ થયો છે. ગાંધીનગર જિલ્લામાં ૧૮ અને શહેરમાં ૧૫ સાથે કુલ ૩૩ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૮૦૦ થયો છે. જામનગર કોર્પોરેશનમાં ૩૬, અમરેલીમાં ૩૩, ગીર સોમનાથમાં ૨૯, ભાવનગર કોર્પોરેશનમાં ૨૫ અને જિલ્લામાં ૧૫, દાહોદ અને મોરબીમાં ૨૫-૨૫, પંચમહાલમાં ૨૩, કચ્છમાં ૨૨, મહેસાણામાં ૨૦, સુરેન્દ્રનગરમાં ૧૭, મહિસાગરમાં ૧૬, નવસારી અને વલસાડમાં ૧૪-૧૪, ખેડામાં ૧૨, બનાસકાંઠા અને પાટણમાં ૧૧-૧૧, ભરુચમાં-જુનાગઢમાં ૧૦-૧૦, સાબરકાંઠામાં ૧૦, આણંદમાં-૯, છોટાઉદેપુરમાં ૮, જુનાગઢ કોર્પોરેશનમાં ૭ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. રાજ્યમાં આજની તારીખે કુલ ૪૮૮૦૦ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે જે પૈકી ૪૮૭૩૦૯ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન છે અને ૧૪૧૯ વ્યક્તિઓ ફેસિલીટી ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે.

બાયડ તાલુકાના ચોઇલા ગામેથી પોલીસે જુગાર રમતા ચાર ઝડપાયા

બાયડ બાયડ તાલુકાના જોળ ગામે રોડની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી બાયડ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા સુમનભાઈ ભરવાડને મળતા રેડ કરી ચાર શકુનિઓને અગિયારસો ઉપરાંતની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા હતા. ચોઈલાથી જુગાર રમતા ૪ લોકો ઝડપાયા. આરોપીઓના નામ : જગદીશભાઈ ગુણવંતભાઈ વાઘરી, ટીનાભાઈ લલ્લુભાઈ ખાંટ, મહેશભાઈ દાનાભાઈ ચમાર, પરેશભાઈ પ્રહલાદભાઈ વાઘરી તમામ રહે. ચોઈલા.

મોડાસા યુજીવીસીએલનો અણઘડ વહીવટ

લાઇટ બિલ ફરિયાદનો નિકાલ ન કરાતા અધિક્ષક ઇજનેરને રજૂઆત થતા એક જ કલાકમાં બિલ સુધારો થયો

મોડાસા, તા. ૧૩

મોડાસા યુજીવીસીએલનો વહીવટ ખાડે ગયો છે. રહેઠાણ લાઇટ બિલમાં એકવિસ હજારનું લાઇટ બિલ આપવામાં આવતા ગ્રાહક ચોંકી ઉઠ્યા હતા. મીટર રીરિંડગની તપાસ કરતો હયાત યુનિટનું રીડિંગ કરતો ડબલ યુનિટનું બિલ બનાવ્યું હતું.

મીટરનો રીડીંગ વીડિયો સાથે મોડાસા યુજીવીસીએલ સેલના કાર્યપાલક ઈજનેર અને ટાઉનના ડેપ્યુટી ઈજનેર ધ્યાન દોરવા છતાં પેટનું પાણી પણ ના હાલ્યુ. બીજી તરફ આજે સવારે જ યુજીવીસીએલના હિંમતનગરના અધિક્ષક ઈજનેર શાહને રજૂઆત કરતા એક જ કલાકમાં સ્થળ તપાસ કરાવી અને નવેસરથી બિલ બનાવડાવતા એકવીસ હજારનું બિલ દસ હજાર થઈ ગયું. સવાલ બિલની રકમ કરતા ગ્રાહકોને રજૂઆતનો છે જે ગ્રાહકો રીડિંગ જોઈ શકતા નથી, આવા ગ્રાહકોને શું હાલત થાય? જો કે લોકોના પ્રશ્નોનો નિકાલ માટે ખૂબ જ સક્રિય અધિક્ષક ઈજનેર શાહ ખરેખર પ્રશંસાને પાત્ર છે આવા અધિકારીઓને કારણે જ લોકોને ન્યાય મળે છે.

શામળાજી મંદિરમાં જન્માષ્ઠમી મહોત્સ્વમાં 'કાળીયાદેવ'ને સોળે શણગાર

સુવર્ણ વાંસળી શણગારમાં સજાવી ભક્તોએ દર્શન કરી ધન્ય બન્યા

મોડાસા, તા. ૧૩

વૈશ્વિક કોરોનાની મહામારીના પગલે સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી મંદિર ખાતે આજે જન્માષ્ટમી પર્વને લઈ મંદિર પરીસરને રોશનીથી અને

આશોપાલવના તોરણ બંધાતા મંદિર ઝળહળી ઉઠ્યું હતું. ભગવાન કૃષ્ણના જન્મોત્સવને લઈ યોજાનારા તમામ મહોત્સવ અને મટકી ફોડ સહિત શોભાયાત્રાના પ્રસંગોને બંધ રાખવામાં આવ્યા હતા. લોકમેળામાં આગવું સ્થાન ધરાવતો શામળાજીનો આઠમનો મેળો પણ બંધ રાખવાનો પંચાયત અને શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા નિર્ણય અગાઉથી જ જાહેર કરવામાં આવ્યો હતો. યાત્રાધામ શામળાજી બિરાજતા કાળીયા ઠાકોરના દર્શનાર્થે ભક્તોનો અવિરત પ્રવાહ ચાલુ રહ્યો હતો.

જન્માષ્ટમી પર્વ નિમિતે ભગવાન શામળીયા માટે ખાસ પ્રકારના વસ્ત્રોને ડીઝાઈન કરાવી સુંદર મજાના વસ્ત્રો ભગવાનને પહેરાવવામાં આવ્યા હતા તેમજ ભગવાનને ખુબ જ કિંમતી સુવર્ણ અને મોતીના ઘરેણાં અને તેમના માથા પર સોનાનો દોઢ કીલોથી વધુ વજનનો હિરા મોતી જડીત મુઘટ પણ શોભાવવામાં આવ્યો હતો. ભગવાન શામળિયા માટે ખાસ ડીઝાઈન કરેલી અંદાજે દશેક તોલા સોનાનું વજન ધરાવતી નવી વાંસળી શણગારમાં સજાવાઈ હતી. શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિરને ખુલ્લુ રાખવાનો સરકારની ગાઈડલાઈન મુજબ નિર્ણય લેતા વહેલી સવારથી જ ભક્તો ભગવાન શામળિયાના દર્શન કરવા ઉમટ્યા હતા. ભક્તો માટે મંદિર દ્વારા સ્વાસ્થયની પ્રાથમિક ચકાસણી કરીને ભક્તોને મંદિરમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. મંદિર પ્રવેશદ્વારે ભક્તોને સેનીટાઈઝ કરવામાં આવ્યા પછી ફરજીયાત માસ્ક સાથે મંદિર ગર્ભ ગૃહમાં ભક્તોને સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

મોડાસા શહેર સહિત જિલ્લામાં જન્માષ્ટમી પર્વની સાદગીપુર્ણ ઉજવણી અરવલ્લી જીલ્લામાં કોરોનાના ઉપરા ઉપરી કેસ આવતાં જન્માષ્ટમીની ઉજવણી સાદગીપુર્ણ કરવામાં આવી હતી. આ ઉપરાંત જીલ્લામાં ઠેર ઠેર યોજાતા લોક મેળા પણ મોકુફ રહ્યા હતા જન્માષ્ટમી પર્વ અંતર્ગત સમગ્ર જીલ્લામાં મટકીફોડ સહિતના કાર્યક્રમો મોકૂફ રાખવામાં આવ્યા હતા. કેટલીક જગ્યાએ લોક ડાયરા, સંગીત સંધ્યા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરે છે.

પ્રાંતિજ ખાતે અંતિમયાત્રા વાહીનીનું લોકાર્પણ કરાયુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા દરેક સમાજના લોકોને નજીવા ટોકન દરથી સેવા મળી રહે તે માટે તે માટેની અંતિમ યાત્રા વાહીનીનો લોકાર્પણ

કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ ખાતે સેવા કરવાની ભાવનાથી કાર્યરત પ્રાંતિજ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા અંતિમ યાત્રા વાહીની તૈયાર કરવામાં આવી છે અને આ અંતિમયાત્રા વાહીનીનુ આજે જન્માષ્ટમીના પાવન દિવસને લઈને પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ ખાતે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ કાર્યક્રમ દરમ્યાન સોશિયલ ડીસન્ટન અને ઉપસ્થિત સર્વેના માઢા ઉપર માસ્ક જોવા મળ્યા હતા.

છેલ્લા કેટલાય વર્ષોથી પ્રાંતિજ ખાતે જેની પાલિકા પાસે માંગ થઈ રહી હતી તે સબવાહીની અંતિમયાત્રા વાહીનીને પ્રાંતિજ ખાતે કાર્યરત માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ કોઠારી, ઉપ પ્રમુખ નિરવભાઈ પરીખ, મંત્રી વજેશભાઈ ભાવસાર, ખજાનચી ગોતમભાઈ ભાવસાર, સહ ખજાનચી રાજેન્દ્રભાઈ શાહ તથા ટ્રસ્ટી સ્વ.સતીષભાઈપંડયા, ડા.એન.કે. ડેરિયા, મિતેશ પટેલ, ભરતભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, ભુનેશભાઇ પરીખ, સંદિપભાઈ શાહ દ્વારા દરેક સમાજના લોકોના હિત માટે અંતિમયાત્રા વાહીની બનાવરાવીને આજે જન્માષ્ટમીના પાવન દિવસને લઈને પ્રાંતિજ ખાતે લોકસેવા અર્થે નજીવા ટોકન દરથી સેવા માટે આજે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લામાં નવા એસપી આવતા જ આંબલિયારા પોલીસ હરકતમાં આવી

બાયડ તાલુકાના જીતપુર ગામે જુગાર રમતા ૭ શકુનિઓ ઝડપાયા

બાયડ

અરવલ્લી જિલ્લામાં નવા એસપી આવતા જ બાયડ તાલુકા ની પોલીસ હરકતમાં આવી ગઈ હતી. બાયડ તાલુકાના આંબલિયારા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ જીતપુર ગામમાં જુગાર રમાતો હોવાની બાતમી આંબલીયારા પોલીસને મળતા રેડ કરી જુગાર રમતા ૭ શકુનિઓને પોલીસે ઝડપી પાડયા હતા. ત્યારે લાલાભાઈ અમૃતભાઈ પંચાલ ભાગી છૂટ્યો હતો પોલીસે ૮૩૦ રોકડ તથા બે મોબાઈલ મળી કુલ ૬૮૩૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

ઝડપાયેલા જુગરીઓ : ૧) ચન્દ્રકાંત ઉર્ફે ચિનુભાઈ ચંદુભાઈ પંચાલ (૨) રજાકભાઈ અબ્દુલભાઈ મનસુરી (૩) જગદીશભાઈ બાબુભાઈ સોલંકી (૪) શૈલેષભાઈ ભીખાભાઈ બારૈયા (૫) શામલભાઈ લક્ષમણભાઈ ઠાકોર (૬) બળવંતભાઈ જેળાજી ખાંટ (૭) પ્રવિનસિંહ વજેસિંહ પરમાર (૮) લાલભાઈ આમૃતભાઈ પંચાલ- ફરાર તમામ રહે જીતપુર તાલુકો બાયડના છે.

પ્રાંતિજના ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે વર્ષોથી ભરાતો લોક મેળો આ વર્ષે નહી ભરાય

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ખાતે આવેલ શ્રી ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે દર વર્ષે શ્રાવણ વદ અમાસે ભરાતો મેળાને કોરોનાનુ ગ્રહણ લાગતા લોક મેળો મોકુફ રખાયો છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ગલતેશ્વર ખાતે આવેલ સુપ્રસિદ્ધ શ્રી ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે એટલેકે શ્રાવણ વદ અમાસ દિવસે ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે ભરાતો મેળાને હાલ ચાલી રહેલ કોરોનાની મહામારીને લઈને સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ કોરોનાનું ગ્રહણ લાગતા તા.૧૯.૮.૨૦૨૦ ને બુધવારના રોજ યોજાનાર લોક મેળો આ વર્ષે કોરોનાની મહામારીને લઈને આ વર્ષે નહી યોજાય તેવું મંદિરના ટ્રસ્ટી રાકેશભાઈ જોષી તથા કારોબારીના સભ્યો દ્વારા જણાવવામાં આવ્યું છે.

હોલ ટિકિટ...

● છેલ્લા પાનાનું ચાલુ

સ્થિતિ વચ્ચે બોર્ડ કક્ષાએથી નવેસરથી પરીક્ષાની બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. રદ કરવામાં આવેલી ગુજકેટની પરીક્ષા તા ૨૪ ઓગષ્ટના રોજ લેવામાં આવશે જેથી આ પરીક્ષાને અનુલક્ષી હોલ ટીકીટ પણ પરીક્ષાર્થીઓને મેળવી લેવા જણાંવાયુ છે. તેમના જણાંવ્યા મુજબ ગુજકેટ ૨૦૨૦ની પરીક્ષાને અનુલક્ષી હોલટીકીટ ઓનલાઇન મુકવામાં આવી છે. જયારે જુની તા ૩૧ માર્ચ વાળુ એડમીશન કાર્ડ આ પરીક્ષા માટે માન્ય રહેશે નહી. જયારે નવી હોલ ટીકીટ તા ૧૩ માર્ચથી બોર્ડની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવાની રહેશે. ઉમેદવારોએ ભરેલા આવેદનપત્રમાં નોંધેલા મોબાઇલ નંબર , ઇમેલ આઇ ડી, જન્મ તારીખ અથવા એપ્લીકેશન નંબર દાખલ કરી પ્રવેશ કાર્ડ મેળવવાનુ રહેશે. ઉમેદવારો પોતાના નામ પરથી પણ એડમીશન કાર્ડ સર્ચ કરી અને જન્મ તારીખની વિગત ભરીને ડાઉનલોડ કરી શકશે. જયારે શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલી રાજયની તમામ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ પોતાના ઇન્ડેક્ષ નંબર તથા રજીસ્ટર્ડ મોબાઇલ નંબરનો ઉપયોગ કરીને લોગઇન સાથે પોતાની શાળાના ગુજકેટના ઉમેદવારાના એડમીશન કાર્ડ મેળવીને વિદ્યાર્થીઓને વિતરણ કરી શકશે. જયારે હોલ ટીકીટમાં શાળાના આચાર્યનો સહી સિક્કો કરાવાની જરૂર નથી જેને ધ્યાને લેવા પણ જણાંવાયુ છે.

કોરોનાનો વિક્રમ...

● પહેલા પાનાનું ચાલુ

જ્યારે ૧૮૬૫૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૩૧૪૫૨૦ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૨૭૮ લોકો કાળનો કોળિયો બની ગયા છે. કર્ણાટકને પાછળ છોડીને આંધ્રપ્રદેશ આ યાદીમાં ત્રીજા સ્થાન પર પહોંચી ગયું છે. આંધ્ર પ્રદેશમાં ૨૫૪૧૪૬ કેસ નોંધાયા છે જ્યારે ૨૨૯૬ લોકો મોતને ભેટ્યા છે.

ત્યારબાદ કર્ણાટકમાં અત્યાર સુધીમાં ૧૯૬૪૯૪ કેસ નોંધાયા છે જ્યારે ૩૫૧૦ લોકોના મોત થયા છે. ત્યારબાદ પાંચમાં સ્થાન પર દિલ્હીમાં ૧૪૮૫૦૪ કેસ નોંધાયા છે જ્યારે ૪૧૫૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ ૧૩૬૨૩૮ કેસ સાથે છઠ્ઠા ક્રમાંક પર છે જ્યારે ૧૦૪૩૨૬ કેસ સાથે પશ્ચિમ બંગાળ સાતમાં ક્રમાંક પર છે. જ્યારે બિહાર આ યાદીમાં આઠમાં ક્રમ પર છે જ્યાં ૯૦૩૨૧ લોકો સંક્રમણમાં આવ્યા છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૦૬૨૦૭૦૧ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૭૪૯૩૫૮ લોકોના મોત નિપજયા છે જ્યારે ૧૨૮૨૬૯૦૧ લોકો સ્વસ્થ થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૨૮૨૬૯૦૧ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

વિઝામાં છૂટ...

● પહેલા પાનાનું ચાલુ

પ્રતિબંધને વૈકલ્પિક બનાવી દીધા છે. આથી એચ૧-બી વીઝા ધારકોને કેટલીક શરતો પર અમેરિકામાં પ્રવેશ કરવાની મંજૂરી મળશે. ટ્રમ્પ પ્રશાસને એ વીઝા ધારકોને પણ યાત્રાની મંજૂરી આપી દીધી છે જે કોવિડ-૧૯ મહામારીના પ્રભાવોને ઓછો કરવા માટે કામ કરી રહ્યા છે. ખાસ કરીને લોકોના સ્વાસ્થ્ય અને હેલ્થકેર પ્રોફેશનલ તરીકે કામ કરી રહ્યા છે. અમેરિકામાં કોરોના સંકટથી સ્થિતિ ખૂબ જ ગંભીર બની ચૂકી છે. એવામાં અમેરિકન સરકારે એચ-૧બી વીઝાને લઇ મોટો નિર્ણય લીધો છે. એચ-૧બી વીઝા એક બિન પ્રવાસી વીઝા છે. અમેરિકામાં કાર્યરત કંપનીઓને આ વીઝા એવા કુશળ કર્મચારીઓને રાખવા માટે અપાય છે જેમની ત્યાં અછત હોય છે. આ વીઝાની વેલેડિટી છ વર્ષની હોય છે. અમેરિકન કંપનીની ડિમાન્ડના લીધે ભારતીય આઇટી પ્રોફેશલને એચ-૧બી વીઝા સૌથી વધુ મળે છે.

ત્યાગીનું અવસાન...

● પહેલા પાનાનું ચાલુ

તેમના અવસાનની જાણકારી આપતા ડૉક્ટર પૂનિયાએ ટ્વીટ કર્યું. 'ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રવક્તા અને વરિષ્ઠ કૉંગ્રેસ નેતા રાજીવ ત્યાગીજી હવે નથી રહ્યા. તેમના પરિવારજનો અને પ્રશંસકો માટે મારી ઊંડી સંવેદનાઓ.' ભાજપ નેતા સંબિત પાત્રાએ લખ્યું કે, 'વિશ્વાસ નથી થઈ રહ્યો કે, કૉંગ્રેસના મારા પ્રવક્તા મિત્ર રાજીવ ત્યાગી અમારી સાથે નથી. આજે ૫ વાગ્યે અમે સાંજે ડિબેટ પણ કરી હતી. જીવન ખૂબ જ અનિશ્ચિત છે. હજુ પણ શબ્દો નથી મળી રહ્યા. હે ગોવિંદ, રાજીવજીને પોતાના ચરણોમાં સ્થાન આપજો. રાજીવ ત્યાગીને ટીવી જગતમાં પોતાની વાત ખુલીને રજૂ કરવા માટે ઓળખવામાં આવતા હતા. ભાજપના સંબિત પાત્રા સાથે તેમની ઘણી ડિબેટ ખૂબ જ ચડસા-ચડસીમાં બદલાઈ જતી હતી. તે તથ્યપરક વાતોની સાથે-સાથે અનોખા અંદાજમાં કૉંગ્રેસનો પક્ષ રજૂ કરવા માટે પણ જાણીતા હતા.

શહેરમાં કોરોના...

● છેલ્લા પાનાનું ચાલુ

એલ.આઈ.સી.માં સેવા આપતા એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં કોરોનાએ પુનઃ માથુ ઉંચક્યુ છે અને તંત્ર પણ અહિ સતર્કતા સાથે તેની વ્યુહરચનામાં આગળ વધી રહેલ છે. આ વિસ્તારમાં ટેસ્ટીંગની કામગીરી પણ વધારી દેવામાં આવી હોવા ઉપરાંત સઘન સર્વેલન્સ ચાલુ કરી દેવામાં આવ્યું છે.

સે. ૪ માં રહેતા એક ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મચારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૩-બી માં રહેતા એક ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૩ માં રહેતા અને સે. ૨૧ માં દુકાન ચલાવતા ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ વેપારીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૭ માં રહેતા એક ૭૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

વિરમગામ ખાતે મેડીકલ સ્ટોર ધરાવતા અને સે. ૨ માં રહેતા એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત સે. ૨ માંથી બીજો એક કેસ મળ્યો છે. જેમાં ૩૮ વર્ષીય પુરૂષ જે મહેસાણા જી.એસ.ટી.માં નોકરી કરે છે. તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૭ માંથી એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. નિવૃત્ત કર્મયોગીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. તંત્રએ આ નિવૃત્ત કર્મયોગીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન કે લોકલ ટ્રાન્સમિશન કોરોનાનુ છે કે કેમ તેને લઈ હજુ તંત્ર દ્વિધામાં છે. જો કે તંત્રએ હવે કોરોના સામેનો જંગ આક્રમકતા સાથે લડવાનો નિર્ણય કરી લીધો છે.

શહેરમાં હાલ ૧૧૦ થી વધુ દર્દીઓ એક્ટવીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ સર્વેલન્સ સઘન બનાવવાની સાથે ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લામાં કોરોના...

● છેલ્લા પાનાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ સારો છે. આજે પણ નોંધાયેલા કેસો કરતાં રિકવર થયેલા દર્દીઓની સંખ્યા વધુ છે. આજે વધુ ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦૮૨ દર્દીઓને ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યુ છે.

જિલ્લામાં હાલ ૧૭,૭૬૧ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

જિલ્લામાં સેમી અર્બન વિલેજ તરીકે વિકસેલા ગામોમાં કેસોની સંખ્યા વધુ હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

KALPATARU POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028. **CIN :** L40100GJ1981PLC004281
Tel.: +91 79 232 14000, **Fax :** +91 79 232 11966
E-Mail : cs@kalpatarupower.com **Website :** www.kalpatarupower.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2020

(₹ in Crores)

Sr. No.	Particulars	Standalone			Consolidated		
		Quarter Ended		Year ended	Quarter Ended		Year ended
		June 30, 2020	June 30, 2019	March 31, 2020	June 30, 2020	June 30, 2019	March 31, 2020
1.	Total Income from Operations	1,459	1,655	7,904	2,330	2,771	12,676
2.	Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items)	101	142	642	54	168	644
3.	Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items)	101	142	666	54	168	648
4.	Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items)	69	92	463	28	107	390
5.	Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax)	70	90	439	30	103	351
6.	Equity Share Capital (Face Value of ₹ 2 each)	31	31	31	31	31	31
7.	Other Equity (excluding Revaluation Reserve)			3,505			3,327
8.	Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations)						
	a) Basic	4.49	6.02	30.02	2.88	6.50	25.25
	b) Diluted	4.49	6.02	30.02	2.88	6.50	25.25

Notes :

1. The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on August 12,2020. The same have also been subjected to limited review by the Statutory Auditors.
3. The Company has entered into definitive agreement with Adani Transmission Limited to sell its stake in Alipurduar Transmission Limited for a total enterprise value of ₹ 1,286 Crores and with India Grid Trust to sell its stake in Jhajjar KT Transco Private Limited for a total enterprise value of ₹ 310 Crores. The entrprise values are subject to certain adjustments on account of assets and liabilities at the time of closing of the transaction. The transaction is also subject to requisite approvals and compliances.
4. The Board of Directors of the Company in its meeting held on May 20, 2020 had approved a proposal for buyback of Equity Shares of the Company for an amount not exceeding ₹ 200 Crore (Maximum Buyback Size, which shall exclude transaction cost of buyback) from the Open Market through Stock Exchanges (NSE and BSE) at the Maximum buyback price of ₹ 275/- per equity share. The indicative number of Equity shares to be bought back at the Maximum buyback size would be 72,72,727 Equity Shares (if worked out at the maximum buyback price) which is about 4.70% of the paid-up equ